અનુકૂળ વાતાવરણ હોવા છતાં આ વર્ષે પર્યટન ક્ષેત્રમાં મંદી

ચૂંટણી નજીક હોવાથી કર્મચારીઓને એલટીસીનો લાભ મળ્યો ન હોવાથી પ્રવાસના આયોજનો રદ : સાથે જ મંદીની અસર દેખાઈ રહી છે

ગાંધીનગર, તા. ૪

દિવાળીનું વેકેશન એટલે હરવા ફરવાની મૌસમ. વાતાવરણ અનુકૂળ રહેતા ગાંધીનગરાઓ દેશ-વિદેશમાં હરવા ફરવા ઉપડી જાય છે. પરંતુ આ વર્ષે દર વર્ષ જેવી ક્વેરી અને બુકીંગ પર્યટન ક્ષેત્રમાં નથી. આચારસંહિતાના કારણે સરકારી કર્મચારીઓને એલટીસી મળવાની ન હોવાથી લાંબા અંતરની ટુરના બુકીંગ હજુ સુધી ફુલ થયા નથી. મંદીની અસર પણ આ ક્ષેત્ર પર જોવા મળી છે.

દિવાળીના વેકેશનની સૌ કોઈ રાહ જોઈને બેઠા છે. આ સમયગાળામાં વાતાવરણ અનુકૂળ રહેવાથી હરવા ફરવા જનારાઓની સંખ્યા વધે છે. જો કે આ વર્ષે પર્યટન ક્ષેત્રમાં મંદી જોવા મળી રહી છે. યાત્રા-પ્રવાસના આયોજનો કરનારી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની કંપનીઓના બુકીંગ દિવાળી પહેલા જ ફુલ થઈ જતાં હતા. તેવું આ વર્ષે નથી. બુકીંગ હજુ ઓપન છે. વળી સૌરાષ્ટ્રના પ્રવાસનધામો અને ધાર્મિક સ્થળોએ હજુ પણ હોટલો-ધર્મશાળાઓમાં બુકીંગ મળી રહ્યા છે. લાંબા અંતરની ટુરના આયોજનો તો રદ કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ઉત્તર ભારત, દક્ષિણ ભારત અને અંદમાન નિકોબાર જેવા સ્થળોનું બુકીંગ સરકારી કર્મચારીઓ કરાવતા હોય છે. પરંતુ આ વર્ષે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ છે. ચૂંટણીઓના કારણે એલટીસી પર રોક લાગી ગઈ છે. એલટીસી મળવાનું ન હોવાથી જે કર્મચારીઓએ અગાઉ બુકીંગ કરાવી રાખ્યું હતું તે પણ કેન્સલ કરાવી દીધુ છે.

વેપારીવર્ગ મંદીના ચક્કરમાં અટવાયો છે. લાભ પાંચમ સુધી રજાઓ હોવા છતાં વેપારી વર્ગ મંદીના કારણે લાંબા અંતરની ટુરના બદલે બે ચાર દિવસની ટુંકી મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા છે. પેટ્રોલ-ડીઝલના ભાવો આસમાને પહોંચતા ખાનગી ટેક્સી ભાડે કરવાનું પણ હવે ઓછુ થઈ રહ્યું છે. લોકો હવે પોતાની કે મિત્ર વર્તુળની ગાડી લઈ હરવા ફરવ જવાનું પસંદ કરે છે. ગાંધીનગર અને અમદાવાદના જે હરવાફરવાના સ્થળો છે તેમાં આ વર્ષે ભારે ભીડ જોવા મળશે.

ફટાકડાના પ્લોટ માટે ડ્રોની યાદી પારદર્શક : વેપારીઓ

ડ્રોમાં કોઈ ગોટાળો થયો નથી : અસંતુષ્ટો ખોટો હોબાળો કરે છે

ગાંધીનગર, તા. ૪

ફટાકડાના વેપારીઓને ધંધા અર્થે પ્લોટ ફાળવવા હાથ ધરાયેલી ડ્રોની પક્રિયા પારદર્શક હોવાનો સૂર વેપારીઓએ ઉઠાવ્યો છે. એન.આઈ.સી. કક્ષાએથી નિષ્પક્ષ રીતે પૂર્ણ કરાયેલી ડ્રોની પક્રિયાના અંતે કેટલાક અસંતુષ્ટો ખોટા આક્ષેપો કરી ગરીબ વેપારીઓ માટે કનડગત ઉભી કરી રહ્યા છે. જેથી આ મામલે પ્રસિદ્ધ થયેલી યાદીને જ અમલમાં મૂકવા વેપારીઓએ માંગ કરી છે.

સેક્ટર-૨૧માં ફાટકડાના સ્ટોલ્સને અનુલક્ષી તા. ૩ નવેમ્બરના રોજ વેપારીઓની હાજરીમાં કોમ્પ્યુટર મારફતે ડ્રોની પરીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ૩૨૭ અરજદારોએ ફાટકડાના પ્લોટ ફોર્મ મેળવવા માટે અરજી કરી હતી. નેશનલ ઈન્ફર્મેશન સેન્ટર હસ્તકની કમિટી કક્ષાએથી ડ્રોની પહેલા વિભાગના અધિકારીઓ તેમજ વેપારીઓની હાજરીમાં હાથ ધરાઈ હતી. સેક્ટર-૬, ૨૨, ૨૪ અને સેક્ટર-૨૧ના વેપારીઓની હાજરીમાં જ એન.આઈ.સી. અધિકારી તેમજ સેક્ટરના પ્રતિનિધિઓની સામે ડ્રોના લીસ્ટમાં સમાવિષ્ટ નામ અને નંબરની સાથે જરૂરી ખરાઈ પણ કરવામાં આવી હતી.

આ મામલે ૧૫૦થી વધુ વેપારીઓએ રજૂઆતમાં જણાવ્યા અનુસાર ફટાકડાના સ્ટોલ માટે હાથ ધરાયેલી ડ્રોની પ્રક્રિયા યોગ્ય રીતે પૂર્ણ કરાયા બાદ કેટલાક અસંતુષ્ટો ભેગા મળીને ડ્રોમાં લાગવગ થઈ હોવાની ખોટી અફવા ફેલાવી હોબાળો મચાવે છે. ડ્રો પ્રક્રિયાના અંતે પ્લોટ ન મળ્યા હોય તેવા વ્યક્તિઓ પોતાનો અસંતોષ વ્યક્ત કરવા ખોટા આક્ષેપો કરી રહ્યા છે. જેથી એન.આઈ.સી. દ્વારા હાથ ધરાયેલી ડ્રોની પ્રક્રિયા કાયદેસરની હોવાથી ગરીબ વેપારીઓને આર્થિક નુકસાન ન પહોંચે તે માટે ડ્રોની યાદી અમલમાં મૂકવા વેપારીઓએ રજૂઆત કરી છે.

સેક્ટર-૨માં દવાનો છંટકાવ કરવા રજૂઆત

મેલેરિયાના કેસનો પૂરાવો આપો પછી જ દવા છંટકાવ થશે : તંત્ર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખે જણાવ્યું છે કે, તાજેતરમાં સેક્ટર-૨સી, પ્લોટ નં. ૯૩૮/૨ અને પ્લોટ નં. ૯૭૯/૨માં રહેતા બે સજ્જનો ડેન્ગ્યુ મેલેરિયાના ભોગ બન્યા છે. ડબલ ઋતુના કારણે મેલેરિયા અને ડેન્ગ્યુના કેસમાં થયેલા વધારા સાથે તંત્ર દ્વારા યોગ્ય પગલાં લઈ દવાનો છંટકાવ કરવામાં આવે તેવી વસાહતીઓની માંગણી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલોમાં આવા ડેન્ગ્યુ મેલેરિયાના કેસો વધી રહ્યા છે. સેક્ટર-૨/સીમાં નજીક-નજીકમાં બે કેસો ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતાં. આ અંગે મેલેરિયા શાખામાં જાણ કરતા તેઓએ દવાખાનામાં દાખલ કરેલા હોય તેના પૂરાવા ઓફિસે આપી જવા ત્યારબાદ જ છંટકાવ કરવામાં આવશે તેવો જવાબ આપતા સ્થાનિકજનો નારાજ થયા છે. તંત્રના આવા જવાબોથી ડેન્ગ્યુ-મેલેરીયાના કેસો વધે એવી દહેશત છે. જેથી વહેલી તકે ફોગીંગ મશીનથી દવા છંટકાવ કરવા તેમજ ગંદકી દૂર કરવા તથા એન્ટી લારવા સર્વેલન્સ સહિતના રોગપ્રતિકાર પગલાં સઘન બનાવવા વસાહત મંડળે માંગણી કરી છે.

આર. એચ. પટેલ બીએડ કોલેજમાં આધ્યાત્મિક વિષય પર વક્તૃત્વ સ્પર્ધા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ૩માં આવેલા સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી આર એચ પટેલ અંગ્રેજી માધ્યમની બીએડ કોલેજમાં તાજેતરમાં અરવિંદ કેન્દ્ર પ્રેરિત મહર્ષિ અરવિંદ સર્વાંગીણ શિક્ષણના ભાગરૂપે એક આધ્યાત્મિક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના શ્રેષ્ઠ ત્રણ વક્તાઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

મહર્ષિ અરવિંદ પ્રેરિત સર્વાંગીણ શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં મલરનો પ્રથમ નંબર, યોગિની પટેલનો દ્વિતિય નંબર અને અપર્ણા કુલકર્ણીનો તૃતિય નંબર આવ્યો હતો. વિજેતાોને પ્રમાણપત્રો અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અન્ય સ્પર્ધકોને પ્રમાણપત્ર આપી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. સી કે તન્ના, ગૌતમ આચાર્ય અને બાબુભાઈ પરમારે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. ડૉ. તન્ના તથા ગૌતમભાઈએ આ પ્રસંગે મહર્ષિ અરવિંદ આશ્રમની પ્રવૃત્તિઓ, સંસ્થાનું સંચાલન તથા તેમનાં પ્રતીક ચિન્હો અને તેમના ઉમદા વિચારોથી પ્રશિક્ષણાર્થીઓને પ્રેરીત કર્યા હતા. સદર કોલેજના ડૉ. કુસુમ યાદવના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સફળ સંચાલન વિભા દ્વિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

ન્યૂ ગુજરાત સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા 'દીપ ઉત્સવ -૨૦૧૨' નામે હેન્ડીક્રાફ્ટ મેળાનું ઘ-૫ પાસે, સેક્ટર-૧૬ ખાતે આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અનેક પ્રકારનાં આર્ટીકલ્સનું પ્રદર્શન ગોઠવાયું છે.

માર્ગ સલામતીની દૃષ્ટિએ શહેરના સર્કલો જોખમી

ગાંધીનગર, તા. ૪

શહેરના માર્ગોની આગવી ઓળખ સમા સર્કલો છેલ્લા ઘણાં સમયથી અકસ્માતનું કારણ બની રહ્યા છે. ૬ મહિના પૂર્વે ચ-૩ સર્કલ પાસે ટ્રક પલટી ખાવાના સિલસિલાબંધ બનાવો બાદ હરકતમાં આવેલા તંત્ર દ્વારા આ મામલે અભ્યાસ હાથ ધરાયો હતો. આમ છતાં હજુ કોઈ અસરકારક પગલાં ન લેવાતા સર્કલો માર્ગ સલામતીની દૃષ્ટિએ જોખમી બન્યા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

શહેરમાં ગતિ નિયંત્રણ અને ટ્રાફિક નિયમનના બનાવ વખતે માર્ગ સલામતીના નામે મીંડું ચિતરાયેલું જોવા મળે છે. પૈંડા પરની જિંદગી આમ પણ દિનપ્રતિદિન જોખમી બની હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. બીજી તરફ નગરના મુખ્ય માર્ગો પર સ્થિત સુશોભિત સર્કલો પણ છેલ્લા કેટલાક સમયથી અકસ્માતોનું કેન્દ્ર સ્થાન બન્યા છે. ગતિ નિયંત્રણના બનાવ વચ્ચે પૂરપાટ દોડતા ભારે વાહનો રાત્રિ દરમિયાન પલટી મારવાની સાથે સર્કલોમાં ઘૂસી જતા હોવાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા બાદ થોડા સમય અગાઉ પાટનગર યોજના વિભાગનું તંત્ર પણ આ મામલે હરકતમાં આવ્યું હતું. આ દરમિયાન વિભાગના અધિકારીઓ દ્વારા રોડ સેફટીની દૃષ્ટિએ સર્કલોની સ્થિતિ ચકાસવા અભ્યાસ હાથ ધરાયો હતો. જેના અંતે પ્રાયોગિક ધોરણે સર્કલો ફરતે રીફલેક્ટર લગાવવા નિર્ણય લેવાનો હતો. પરંતુ રોડ સેફટીની દૃષ્ટિએ સર્કલો સલામત બને તે માટે હજી કોઈ નક્કર આયોજન થઈ શક્યું નથી. આજે પણ ચ-૬ના સર્કલમાં ગાડી ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો.

ઉવારસદ ગામમાં દરોડો પાડી પોલીસે દારૂનો જથ્થો પકડ્યો

ઘર આંગણે પાર્ક કરેલી કારમાં દારૂ સંતાડ્યો હતો : એકની ધરપકડ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીક ઉવારસદ ગામમાં વિદેશી દારૂનો વ્યાપાર ચાલી રહ્યો હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે દરોડો પાડી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો ઝડપી પાડી હતી. બુટલેગરે પાર્ક કરેલી તેની એસ્ટીમ કારમાં દારૂ સંતાડ્યો હતો. કાર સહિત રૂા. ૪૯,૬૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી અડાલજ પોલીસે બુટલેગરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

અડાલજ પીઆઈ એસ જી પરમારને બાતમી મળી હતી કે ઉવારસદ ગામમાં દારૂનો વેપલો ચાલી રહ્યો છે. જેને આધારે ટીમને સૂચના આપતાં અડાલજ પોલીસની ટીમે આજે બપોરે દરોડો પાડ્યો હતો. સુરેશ લક્ષ્મણ ઠાકોર નામના શખ્સના ઘર આંગણે જ તેણે પાર્ક કરેલી એસ્ટીમ કારની તલાશી લેતાં તેમાંથી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે રૂા. ૯૬૦૦ની કિંમતની ૨૪ નંગ દારૂની બોટલો જપ્ત કરી બુટલેગર સુરેશ લક્ષ્મણ ઠાકોરની ધરપકડ કરી લીધી છે. દારૂ તથા કાર મળી રૂા. ૪૯,૬૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી અડાલજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં મૂલ્યશિક્ષણ અને પેરેન્ટ્સ ડે ઉજવાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તાજેતરમાં મૂલ્ય શિક્ષણ અંતર્ગત વિવિધ કાર્યક્રમો તથા પેરેન્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને મૂલ્ય શિક્ષણ ગીત, નાટક વગેરે દ્વારા અપાયું હતું. તથા નાના-નાના ભૂલકાઓના વાલીઓને નિમંત્રણ પાઠવી બાળકોના વિકાસની, અભ્યાસની તથા શિક્ષણની ચર્ચા વિચારણા માટે પેરેન્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

આજના આ ટેકનીકલ સમયમાં બાળકોમાં હકારાત્મક અભિગમ કેળવાય તેમજ દેશના જાગૃત નાગરિક બને તે માટે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ચાલુ વર્ષે મૂલ્યશિક્ષણ વર્ગ અમલમાં મૂક્યા છે. આ મૂલ્ય શિક્ષણના મુદ્દાઓને આવરી લેતાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મૂલ્ય શિક્ષણ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પોતાના મૂલ્યોને પ્રવૃત્તિ દ્વારા ગીતો દ્વારા, નાટક દ્વારા રજૂ કર્યા હતા તેમજ પોતાનાં મંતવ્યો જણાવ્યા હતા. આ નવીન સમાજને મૂલ્યોનો મહત્ત્વપૂર્ણ સંદેશ પાઠવ્યો હતો. આ ઉપરાંત ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં નાના નાના ભૂલકાંઓનો પેરેન્ટ્સ ડે ઉજવાયો હતો. શાળામાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. નરોત્તમ સાહુ કે જેઓ વિજ્ઞાન ક્ષેત્રે ઘણું પ્રભુત્વ ધરાવે છે તેઓ શાળામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વાલીગણને પોતાના નાના નાના બાળકો માટે સજાગ રહેવા અને બાળક વધુ પ્રવૃત્તિશીલ રહે તે વિશે માહિતગાર કર્યા હતા. શાળામાં નર્સરી-કેજીના બાળકોએ ખૂબ જ સરસ વાર્તા, નાટક અને કવિતાઓ દ્વારા વાલીઓનું મનોરંજન કર્યું હતું. શાળાના નર્સરી-કેજીના શિક્ષકો બાળકોને સતત પ્રવૃત્તિમય રાખે છે અને બાળકોને 'ભાર વિનાનું ભણતર' ઉક્તિને અનુરૂપ વર્તે છે. બાળકો અને વાલીને પ્રોત્સાહિત કરવા માટે શાળાના ચેરમેન, મેનેજીંગ ડિરેક્ટર, ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જલારામ મંદિરના સદાવ્રતમાં કાયમી તિથિ રજિસ્ટર્જ કરાવનારને સંપર્ક નંબર લખાવવા અનુરોધ

ગાંધીનગર, તા. ૪

જલારામ સેવા સમાજના જિતેન્દ્ર સેજાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે જલારામ મંદિર ખાતે ચાલતા સદાવ્રતને પચીસમું ચાલી રહ્યું છે. સદાવ્રતમાં ગાંધીનગર તથા આજુબાજુના ધર્મપ્રેમીઓએ લખાવેલી કાયમી તિથિ રજિસ્ટર્જ કરાવી હોય તેમણે પોતાના મોબાઈલ નંબર, લેન્ડલાઈન નંબર જલારામ મંદિરે મેનેજર પાસે અચૂક રજિસ્ટર્ડ કરાવી જવા, બદલાઈ ગયા હોય તો સુધારી જવા ખાસ જણાવાયું છે.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલમાં જનરલ નોલેજ કવીઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના લેકાવાડા ગામે આવેલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે તાજેતરમાં જનરલ નોલેજ કવીઝ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ધોરણ ૪ થી ૧૨ સુધઈના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જનરલ નોલેજ કવીઝ સ્પર્ધામાં વર્તમાન સમયની ઘટનાઓ, સાંપ્રત પ્રવાહો તથા સામાન્ય જ્ઞાનને ધ્યાનમાં રાખીને પ્રશ્નો મુકવામાં આવ્યા હતા. ધોરણ ૪થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ધોરણ ૪ થી ૭ના વિજેતા ગૃપ નંબર બીમાં જૈનમ પટેલ, રાજવી પટેલ, ભૂમિકા જાડેજા, ઉર્વિશ ચૌધરી અને જૈમિન ચૌધરીએ સુંદર પદર્શન કર્યું હતું. ધોરણ ૮ થી ૧૨ના વિજેતા ગૃપ નંબર ડી માં વૈભવી ચૌધરી, નૈતિક પ્રજાપતિ, હર્ષ પટેલ, જયલ પટેલ અને હરપાલ ચાવડાએ સુંદર પ્રદર્શન કર્યું હતું. વિજેતા ગૃપના વિદ્યાર્થીઓ ને શાળા તરફથી સર્ટિફિકેટ એનાયત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આંતરવિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં મહેસૂલ વિભાગની ટીમનો વિજય

ગાંધીનગર, તા. ૪

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધા અંતર્ગત આજે મહેસૂલ વિભાગ અને સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ વચ્ચે રમાયેલી મેચમાં મહેસૂલ વિભાગનો વિજય થયો છે. આ આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં આજે મહેસૂલ વિભાગની ટીમના ૨૦૫ રન સામેસામાજિક ન્યાય અનેઅધિકારતા વિભાગની ટીમ ૧૫૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જેમાં જયેશ અને વિપુલે બે-બે વિકેટો મેળવી હતી.જ્યારે એક વિકેટ કિશોરે ઝડપી હતી. તેમજ એન.એલ. ક્રિશ્ચિયને મહત્વના ૨૭ રન કર્યા હતા. તથા પ્રેરક પટેલ મેન ઓફ ધ મેચ બન્યા હતા. શૈલેષ મજુમદારે મેનેજર તરીકે સેવા આપી હતી.

રક્તદાન મહાદાન

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૬.૦૧

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિદી પલ્સ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫.૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૧.૧૫
ઓહ! માય ગોડ : ૨.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૩૦
અજબ ગજબ લવ : ૭.૧૫
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૧૫
અતા પતા લાપતા : ૧૨.૩૦
સન ઓફ રામ : ૫.૩૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્કાયફોલ : ૮.૧૫, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૯.૦૦, ૨.૦૦, ૭.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૧૫
લવ સવ તેય ચીકન ખુરાના : ૪.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૯.૦૦, ૧૧.૩૦, ૭.૩૦
ઓહ માય ગૉડ : ૨.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૪૫
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૦૦
અજબ ગજબ લવ : ૨.૦૦
રશ : ૭.૩૦

સિરાગ, કલોલ

હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. મુશ્કેલીઓ દૂર થશે. લાભદાયક સમાચાર મળશે.

વૃષભ : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ભૌતિક સુખ પ્રાપ્તિ થશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાપાર સારો ચાલશે.

મિથુન : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. નોકરીમાં અધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થા વધશે. જોખમી કાર્યોમાં સાવચેતી રાખવી.

કર્ક : ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવના છે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

સિંહ : જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

કન્યા : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ. ભાગ્યવર્ધક યાત્રાઓ સંભવિત. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે.

તુલા : નવા કાર્યમાં ભાગ દોડ થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ થશે.

વૃશ્ચિક : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે.

ધન : નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

મકર : રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે. શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે.

કુંભ : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થશે. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે.

મીન : વેપારમાં વૃદ્ધિ થશે. મંગળ કાર્યો પર ખર્ચ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય. ધાર્મિક બાબતે રુચિ વધશે.

ચિરવિદાય

- સ્વ. જીનાભાઈ આંબુભાઈ દેસાઈ (ઉ.વ.૬૮) મુ.પો. હાલીસા, તા. દેહગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. શકરાભાઈ નારણદાસ પટેલ (ઉ.વ.૭૦) મહાદેવ ફળીયા વાસ, મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચેહોરભાઈ મેલાભાઈ રબારી (ઉ.વ.૫૭) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ખેતાજી વનાજી સોલંકી (ઉ.વ.૫૨) બ્લોક નં. ૮૩/૩૭૬ શ્રીનગર સોસાયટી, સેક્ટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. રામભાઈ ભીખાભાઈ નાયી (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૮૦૧, સોમેશ્વર સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર.